Volume-2, Issue-7, July-2015 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# નલવિલાસ એક સમીક્ષા

ડૉ. મોઘજીભાઈ બી. ચૌધરી
પ્રાધ્યાપક: સંસ્કૃત વિભાગ,
શ્રી ભીખાભાઈ પટેલ આર્ટસ કોલેજ,
આણંદ, ગુજરાત (ભારત)

---

કલિકાલ સર્વજ્ઞા હેમચંદ્રાચાર્યના પટ્ટધર શિ ય કવિ રામચંદ્રનો જન્મ ઇ.સ.પૂર્વે ૧૧ મી સદીમાં માની શકાય છે અને મૃત્યુ ઇ.સ. ૧૧૭૩ માં થયુ છે એ નિર્વિવાદ છે. ગુણચંદ્ર, મહેન્દ્રસૂરિ, વર્ધમાન ગણિ, દેવચંદ્રમુનિ, યશચંદ્ર ગણિ અને રામચંદ્રના મૃત્યુના કારણ બનનાર બાલચંદ્ર વગેરે તેમના સહપાઠીઓનો ફાળો એમના જીવનમાં રહેલો છે. સિધ્ધરાજ જયસિંહ દ્વારા તેમના હાજર જવાબીપણાને કારણે તેમને કવિ કટારમલ્લની ઉપાધિ પ્રાપ્ત થઇ હતી. રામચંદ્રે પોતાને त्रैविध्यवेदिनोऽप्यस्मै કહીને વ્યાકરણ, ન્યાય અને સાહિત્ય જ્ઞાતા તરીકે પરિચય આપ્યો છે. કવિ રામચદ્રે કાવ્યરચના અને જીવનના ક્ષેત્રમાસ્વાતત્ર્યના આગ્રહી હતા. રામચદ્રે નાટકો, કાવ્યરચનાઓ સ્ત્રોતકાવ્ય, દ્વાત્રિંશિકા, અને ૧૬ સાધારણ જીનસ્તવ જેવી ૪૮ કૃતિઓની રચના કરી છે. તેમાગ્ગુણચદ્ર સાથે મળીને રચેલા 'નાટયદર્પણ' સસ્કૃત સાહિત્યમાવિશેષ નોંધપાત્ર છે. તેઓ પોતાને પ્રબન્ધશત કર્તા प्रबन्धशतकर्ता (સો ગ્રથના રચયિતા) તરીકે ઓળખાવે છે. આમ કવિરામચદ્રનુસાહિત્ય ક્ષેત્રે વિશાળ પ્રદાન છે. તેમના ૧૨ નાટકોમાથી નલવિલાસએ એક ઉત્તમ નાટક છે. જે આજનો મારો લેખનો વિષય છે.

મહાભારતના નલોપાખ્યાન આધારિત નલવિલાસ સાત અકનુનાટક છે.[૧]

વિદર્ભના રાજા ભીમની કન્યા દમયન્તી સાથે વિવાહ કરવા માટે કલચુરિ-નરેશ ઉત્સુક હતા. એમણે પોતાના ચરને કાપાલિક બનાવી વિદર્ભ નરેશની પાસે મોકલ્યો હતો. જેના પ્રભાવમાઆવી ભીમ પોતાની કન્યા કલચુરિનરેશને પરણાવવા ઇચ્છતો હતો.

એક દિવસ નળ સૂર્યવનમાસૂર્યોપસ્થાન પછી વિશ્રામ કરી રહ્યો હતો. એણે પોતાના સાથી વિદૂષક તથા કલહસને પોતાનુ સ્વપ્ન નૌમિત્તિકની સમક્ષ બતાવ્યુકે આજ પ્રાતઃકાલ સ્વપ્નમાવેં જે મુકતાવલી ધારણ કરી, તે પડી ગઇ. ફરીથી ગળામાધારણ કરી લીધી. પછી તો મારી શોભા દ્વિગુણિત થઇ ગઇ. નૌમિત્તિકે કહ્યુકે આપને સ્ત્રીરત્નની પ્રાપ્તિ થશે. પરતુ વિઘ્નોની સાથે નૈમિત્તિકે બતાવ્યુકે શીઘ્ર આપને આનદપ્રદદાયક કોઇ વસ્તુ પ્રાપ્ત થશે. થોડાક સમય પછી ત્યાએક કાપાલિક આવ્યો. જેનુનામ લબોદર હતુ. નળે એની સાથે વાતચિત કરીને જાણી લીધુ કે આ ઢોંગી તપસ્વી ચર છે. વિદૂષકે તેની સાથે વાતચીત કરતાઝઘડો થઇ ગયો અને એની સાથે લડતી વખતે એક ટોપલી પડી. જેમાકલચુરિનરેશ ચિત્રસેનના નામે પત્ર હતો સાથે જ એક સુદરીનુચિત્ર હતુ. એને જોઇને રાજાના મુખમાથી નિકળ્યુ.

वक्त्रं चन्द्रो नयनयुगली पाटलाम्भोजयुग्मं (૧:૧૬)[૨]

કાપાલિકને પૂછવામાઆવતાબતાવ્યુકે આ ટોપલી અહીં વનમામળી છે.

રાજાની દાસી મકરિકાએ બતાવ્યુકે આ દમયન્તીનુચિત્ર છે. જે વિદર્ભ દેશની રાજકન્યા છે. જે વિદર્ભ દેશની રાજધાની કુડિનપુરની રહેવાસી હતી.

નળે પોતાના સાધી કલહસ અને મકરિકાને દમયન્તીને દમયન્તી પાસે નળ અને દમયન્તીના ચિત્ર સાથે મોકલ્યા કે નળ સાથે પ્રણય માર્ગ પ્રશસ્ત કરે. કલહસ અને મકરિકાએ આવીને બતાવ્યકે કામ થોડુ બની રહ્યુછે. કલહસે દમયન્તીના સૌંદર્યનુવર્ણન કર્યું.

वैदर्भी यदि बद्धयौवनभरा प्रीत्या सरस्वत्यापि किम् ।

કલહસે નળને બતાવ્યુકે પહેલામકરિકા પોતાના સમ્બન્ધિઓના મધ્યમથી દમયન્તીને મળી. પછી એણે નળનો પરિચય આપ્યો. દમયન્તીએ જયારે નળના નજીકના વ્યક્તિને મળવાની ઇચ્છા વ્યકત કરી તો મકરિકાએ મને વૈદ્ય બનાવી દમયન્તીને મળાવ્યો. નળે મકરિકાને કહ્યુ- चतुरासि

**विकटकपटनायकघटनासु ।** પછી તો કલહંસના હાથમાંથી દમયન્તીએ નળનું ચિત્ર લઇ લીધું અને એના સ્પર્શથી પુલકિત થઇ ગઇ. ત્યારે મકરિકાએ દમયન્તીનુંએ ચિત્ર બતાવ્યુંજે કાપાલિકથી મળ્યુંહતું દમયન્તીએ નળનુંચિત્ર દેવતાગૃહમાંરખાવ્યુંઅને પોતાનુંચિત્ર પિતાની પાસે મોકલી દીધું એમણે બતાવ્યુંકે ધોરઘોણ નામક કાપાલિક ભીમનો વિશ્વાસપાત્ર છે એ દમયન્તીનો વિવાહ ચેદિનરેશ ચિત્રસેન સાથે કરવા માટે રાજાની સ્વીકૃતિ લઇ ચુક્યો છે. દમયન્તી ઇચ્છે છે કે ધોરઘોણની પત્ની લમ્બસ્તનીને નળ પોતાના પક્ષમાંકરી લે તો મારા પિતા મને ચિત્રસેનને નહિ આપતાંનળને આપે.

નળે કલહંસને સાથે આવેલી લમ્બસ્તનીને પોતાની પાસે બોલાવી. સમ્બસ્તનીએ પોતાનો પ્રભાવ બતાવ્યો કે નિષ્પુત્રોને પુત્ર આપુ છું અનાચારથી ઉત્પન્ન ગર્ભનો સ્ત્રાવ કરુંછું બધુ જ કરાવી શકુંછું નળે કહ્યુંકે દમયન્તીને પ્રાપ્ત કરવો લીમ્બસ્તનીએ કહ્યું- **एवमस्तु ।**

અહીં કાપાલિક નળના યુવરાજ કુબેરની સાથે લાગી ગયો. નળને શંકા ગઇ કે કુબેરથી કંઇ અનર્થ કરાવશે.

**असौ पाखण्डिचाण्डाले युवराजस्य निश्चितम ।**

**वातापितापकारीव विन्ध्यस्योन्नतिकारक: ।।२:२३**

દમયન્તીના વિવાહ માટે સ્વયવર વસન્તઋતુમાંથયો. ભીમને જાણ થઇ ગઇ હતી કે ધોરઘોણ ચિત્રસેનનો ચર છે. એને ભીમે ગધેડા ઉપર બેસાડી નિર્વાસન કરી દીધો. આ પ્રસંગે ધોરઘોણે ઘોષણા કરી કે દમયન્તીનો પતિ રાજયચ્યુત થશે. તે ત્યાંથી નળની નગરીમાંજઇને એની વિરુદ્ધ ષડ્યન્ત્ર રચવા લાગ્યો. કુબેર એની સાથે હતો.

કુસુમાકર ઉદ્યાનમાંનળ પોતાના સાથીઓની સાથે રોકાયો. ત્યાંથી દમયન્તી પોતાની પણયાઙ્ગના ગાયિકાઓની સાથે એજ વનમાંમદનપૂજા માટે નિકળી. નળ કોઇક લતાની પાછળ છુપાઇને એને જોઇ રહ્યો હતો. મકરિકાના સંકેત પર દમયન્તી પૂજા માટે પુષ્પાચય (પુષ્પો લેવા માટે) નુંબહાનું કાઢી ત્યાંઆવી તો નળે એનો હાથ પકડી લીધો. ખૂબ પ્રેમથી પરસ્પર મનાવવુંઅને વિરોધ કરતાંએ બંનેએ પરસ્પર પોતાના મન્તવ્ય પ્રગટ કર્યા અને ત્યારે અલગ થયા જયારે દમયન્તીની માતાએ બુલાવો મોકલ્યો.

સ્વયવરમાંબધા રાજા આવી બેઠા. દમયન્તીએ કાશીનરેશ, કોંકણરાજ, કાશ્મિરાધિપ, કૌશામ્બીપતિ, ગૌડેશ્વર, મધુરાધિપતિ વગેરેનુંવર્ણન કરવામાંઆવતાંઅસ્વીકાર કરી નળને પસંદ કર્યો.

વિવાહ પછી કુબેરથી જુગારમાંસર્વસ્વ હારીને નળને પત્ની સાથે વનમાંજવુંપડયું દમયન્તીએ મચરિકાને પોતાના પિતાના ઘરે વનવાસના સમાચાર આપવા માટે મોકલી નળે પોતાની પત્નીને સાંત્વના આપતાંકહ્યું

**मा स्व विषीद् ! सर्वमयि शुभोदर्क भविष्यति ।**

માર્ગમાંથાકી જતાંદમયન્તીને તરસ લાગી નળ પાણી લેવા ગયો. નજીકમાંજ ધોરઘોણનો શિષ્ય લબોદર નામના સન્યાસીનો આશ્રમ હતો. તે તેને શોધી રહ્યો હતો. લબોદરને નળે પોતાની સ્થિતિ બતાવી અને કહ્યુંકે સાસરીમાંજઇ રહ્યો છું લબોદરે કહ્યુંકે રાજભ્રષ્ટ થઇને સસરાના ઘરે જવું લજ્જાસ્પદ છે. નળની સમજમાંઆ વાત આવી ગઇ કે દમયન્તી તો પિતાના ઘરે જાય એ ઠીક છે. પરંતુ મારુંઆવી ખરાબ સ્થિતિમાંત્યાંજવુંઠીક નથી. જેવી ગુરુની આજ્ઞા હતી કે કામ લબોદરે પુરુ કર્યુ એણે વિદર્ભ જવાનો માર્ગ પણ બતાવ્યો.

પાણી લઇને નળ દમયન્તી પાસે પહોંચ્યો દમયન્તીએ નળની વાત અને મુદ્રાથી (હાવભાવથી) સમજી લીધુ કે તેઓ મને છોઠીને જવા ઇચ્છે છે. જેનાથી હુંએકલીજ પિતાના ઘરે જઉં. દમયન્તીને ઊંઘ આવી રહી હતી. એણે પોતાની સાડીથી નળને લપેટી લીધો અને સૂઇ ગઇ. જેથી નળ એને છોડીને ચાલી ન જાય. નળે તલાવરથી વસ્ત્રને કાપ્યું અને મુક્ત થઇને ચાલી નિકળ્યો. ત્યારે ત્યાંથી એક સાર્થવાહના આવવાના સમાચાર મળ્યો. જેની સાથે દમયન્તી રોતી - બોખલાતી પોતાના પિતાના ઘરે પહોંચી.

નળને માર્ગમાંસર્પરૂપધારી એના પિતા મળ્યા. જેમણે નળના રૂપને પરિવર્તિત કરી દીધું[3] હવે એને કોઇ ઓળખી શકતુંનહોતું આવી પરિસ્થિતિમાંએણે બાહુક નામ રાખી અયોધ્યાના રાજા દધિપર્ણની સેવામાંજોડાઇ ગયો. એક દિવસ બહારથી આવેલી નાટય મંડળીએ નળ-દમયન્તી વિયોગ પ્રકરણ વિષયક એક નાટક ભજવ્યું જે અનુસાર નળથી છોડી દીધેલ દમયન્તી સાર્થવાહક અનુચરોને મળી. તેઓ રોતી-બોખલાતી દમયન્તીને પોતાના સ્વામીની પાસે લઇ જઇ રહ્યા હતા. માર્ગમાંવિશ્રામ કરવા માટે એક કુંજમાંએ ઘૂસી તો ત્યાંસિંહનુંબચ્ચુંજોયું. તે પોતે ત્યાંથી ખસી ગયુંત્યારે તો તે લતાપાશની ફાંસી લગાવી મરવા માટે ઉદ્યત બની. તેને અનુચરોએ બચાવી લીધી.

દધિપર્ણે ઉપર્યુક્ત ગર્ભાંકના આ અભિનયના સમયે નળની પ્રતિક્રિયાઓથી અનુમાન કર્યું કે બાહુક નળ છે. એ સમયે વિદર્ભ દેશના રાજા ભીમના દૂતે સૂપર્ણની પાસે આવીને સંદેશ આપ્યો કે કાલે દમયન્તીના સ્વયંવરમાં આપ ઉપસ્થિત રહો. આટલા દૂર, આટલા થોડા સમયમાં કેવી રીતે પહોંચી શકાય ? એ કઠીનતાને નળે પોતાના ઉપર સારથીનો ભાર લઈને દૂર કરી દીધો.

નળે સ્મરણમંત્રથી અભિમંત્રિત કરીને રથને યથાસમય વાયુવેગથી કુંડિનપુર પહોંચાડી દીધો. ત્યાં એણે જોયું કે નગરમાં શોકનું વાતાવરણ છે. લાગ્યુ કે કોઇના ઉપર વિપત્તિ આવવાની છે કોઇ વૃદ્ધ બ્રાહ્મણને પૂછવાથી જાણવા મળ્યું કે - દમયંતી આજે ચિતામાં બળી મરવાની છે. નળે આગળ વધીને જોયું કે ચિતાની પાસે દમયન્તી છે. અને એના બધા પરિચિત મકરિકા, કલહંસ વગેરે છે. નળના પૂછવાથી દમયન્તીએ કહ્યું કે નળ વિષયક અશુભ વાર્તા સાભળી ચૂકી છુ હવે મરવુ છે નળે કહ્યુ કે એ પાપીના નામે કરવુ ઠીક નથી. દમયન્તી એને ધમકાવ્યો, કે પ્રિયતમની વિરૂદ્ધ શુ બકવાસ કરો છો. નળે પરિસ્થિતિની વિષમતા જોઇ, દમયન્તીને નળે કહ્યુ કે જો નળ મળી જાય તો બળશો નહી ? નળે પોતાને વિરૂપ કરવાવાળી, પિતાએ બતાવેલી યોજનાથી પોતાને ફરીથી વાસ્તવિક નળરૂપમા પરિવર્તિત કરી દીધો અને તે બોલ્યો.[૬૧]

નળના પૂછવાથી જ્ઞાન થયુ કે ભસ્મક નામક મુનિએ નળના મૃત્યુનો સવાદ આપ્યો હતો. એને લાવવામા આવતા નળે ઓળખી લીધો કે આતો તે છે. જેણે વનમા મને દમયન્તીને છોડવા માટે પ્રેરિત કર્યો હતો. જ્યારે તેને થોડી માર પડી ત્યારે એણે સાચુ બતાવ્યુ કે હુ જ લબોદર છુ ઘોરઘોણ મારા ગુરૂ છે એણે કુબેરથી આપને જુગારમા હરાવડાવ્યા ઘોરઘોણના કહેવાથી મેં વનમા અને અહીં પણ આપનુ અનર્થ કર્યું છે. એને શૂલી પર ચડાવવાનો દંડ આપવામા આવ્યો.

દમયન્તીએ નળના પૂછવાથી બતાવ્યુ કે મેં દૂતોથી જાણ્યુ કે દધિપર્ણનો સૂપકાર (રસોઇયો) સૂયપાક બનાવે છે. મેં સમજી લીધુ કે મારા પતિદેવતા સિવાય કોઇ આ કળાને જાણતુ નથી. તો મેં એ નાટક દધિપર્ણની સભામા ભજવાયુ જેમા કલહંસ આદિ પાત્ર બન્યા હતા. એ નિશ્ચિત થઇ જતા કે તમે ત્યા છો. આપને લાવવા માટે સ્વયવરનુ વિધાન રચવામા આવ્યુ હતુ નળે બતાવ્યુ કે જ્યારે હુ દાવાગ્નિમા પ્રાણાહુતિ કરવા જઇ રહ્યો હતો. તો મારા પિતાએ મારુ રૂપ બદલી દીધુ અને બતાવ્યુ કે ૧૨ વર્ષ પછી ફરી દમયન્તી મળશે.

અનાવશ્યક વિવરણોથી નાટકનુ કલેવર ખૂબ વધી ગયુ છે. સાથે જ ઉપદેશ આપવાની કવિની પ્રવૃત્તિ એટલી અધિક છે કે અનેક સ્થળો પર આ નાટક ભર્તૃહરિશતક અને પચતત્રની જેમ લોકવ્યવહાર અને સામાજિકનો પરિચય સમુચ્ચય હોવાનુ પ્રતિત થાય છે.

જોકે લેખક જૈન મુનિ છે છતા પણ આ નાટક ભારતની સનાતન સાસ્કૃતિક પૃષ્ઠભૂમિ પર આલેખાયુ છે. આમા જૈન સસ્કૃતિનુ કેવળ ગૌણરૂપે નિદર્શન છે. કથાનકમા સ્થળે - સ્થળે કથાની મુખ્ય ભાવિ પ્રવૃત્તિના સાકેતિક તત્વોનુ આલેખન છે. નૈમિત્તિકની વાત, મગધોનુ મધ્યન્દિવર્ણન વગેરે એવા તત્વો છે.

અહીં ગર્ભાંકમા - દમયન્તિ વનમા પતિને શોધ્યા કરે છે, નલ સરોવર પાસે પાણી લેવા ગયો હતો, તેથી ત્યા જઇ ચક્રવાકીને, હાથણીને, હરણને અને મયૂરને નલના સમાચાર પૂછે છે. આ અશમા કાલિદાસના વિક્રમોર્વશીયના ચોથા અકની યાદ અપાવે છે. જવાબ ન મળતા દેહિ एहि प्रियतम् ! એમ વનમા નલને બૂમ પાડે છે. જેને તે પ્રત્યુત્તર સમજે છે, તે તો પોતાનો અવાજનો પડઘો છે, જેને તે નલ સમજીને પકડવા દોડે છે, તે તો પોતાનો પડછાયો છે. એવો ખ્યાલ આવતા નિરાશ થાય છે.

નટોએ આ નાટકને એવી સરસ રીતે ભજવ્યુ છે કે દમયન્તિનો વિલાપ સાભળી, રાજા દધિપર્ણ વગેરે તેના દુઃખ સાથે એવા તો એકરૂપ થઇ જાય છે કે ક્યારેક રગમચ પાસે જઇને તેને भगवति ! पतिवृते ! नमस्ते ! કહીને વદે છે તો ક્યારેક નલની સખત નિંદા કરી, તેની શોધ મૂકી દેવા દમયન્તિને કહે છે.

ગર્ભાંકમાની દમયન્તિની દશા કરૂણ છે તો તેના પ્રેક્ષક બાહુકરૂપી નલની દશા કરુણતર છે. એકબાજુ પત્નીને અસહાય દશામા પોતે છોડી દીધે, તેનો તેને ભારોભાર પસ્તાવો થાય છે. બીજી બાજુ રાજા વગેરે વડે થતી પોતાની કઠોર નિંદામા તેને સાદ પુરાવવો પડે છે. દમયન્તિની લાચાર અવસ્થા જોવા છતા તે પૃથ્વીમા સમાવા માગે છે અને ઇચ્છે છે કે તેના કાન બધિર બની જાય અને આખો દ્રષ્ટિહીન થઇ જાય. જેથી વનવન ભટકતી દમયન્તિને જોવી ન પડે અને તેનો વિલાપ સાભળવો ન પડે. આ ગર્ભાંક જોતા પોતે ઓળખાઇ ન જાય. તે માટે એ સતત સાવધાન રહે છે, પણ કરુણ રસનો ઉદ્રેક વધી જતા એ રાજાને તે ઓળખાઇ જાય એવા ઉદ્ગાર કાઢી બેસે છે, જેમ કે દમયન્તિને લતાપાશ વડે આપઘાત કરતી જોતા તે બોલી ઉઠે, नार्हसि

मामात्मनो वधेन दुरात्मानं कल यितुम् । આમ દમયંતિના વિલાપના દ્રશ્ય સાથે નલના પ્રતિભાવો એવા સરસ રીતે ગૂંથાયા છે કે ગર્ભાંક ખૂબજ ચોટદાર બન્યો છે. રાજા નળ કુરણરસાતિરેકથી એ ભૂલી જાય છે કે આ નાટક છે. વાસ્તવિક નહિ કવિના શબ્દોમાં कथं नाटयमपिसाक्षात् प्रतिपद्यसे । આ ગર્ભાંક દ્વારા બાહુક એ નલ જ એવી પ્રતીતિ થાય છે, માટે તેનું નામ 'નલાન્વેષણ' સાર્થક છે.

આ ગર્ભાંકનો મુખ્ય રસ, કરુણ છે. તે બાબત કર્તા પોતે તેના પ્રારંભમાં તેમજ અંતમાં કહે છે, જેમ કે परां कष्ठाम धिरुढवान करुणो रसः । કવિ આખા નાટકના સારભાગને તેના ગર્ભમાં મૂકીને રજુ કરે છે. સામાન્ય રીતે બને છે તેમ આ ગર્ભાંકમાં પણ ભૂતકાળનું વૃત્તજ રજુ થયું છે. આ ગર્ભાંકની વિશેષતા એ છે કે તે નાટકમાં રંજકતા આણવા ઉપરાંત ઘણાં કાર્યો સિદ્ધ કરે છે. દમયંતિનો ત્યાગ કર્યા પછી તેને વનમાં શું દશા થઇ હશે તે વિશેની નાટકના તથા ગર્ભાંકના પ્રેક્ષકોની જિજ્ઞાસાને આ ગર્ભાંક સંતોષે છે. તેથી નાટકમાં ખૂટતી કડીઓનું અનુસંધાન થાય છે. વળી દમયંતિનું પાતિવ્રત્ય પ્રેક્ષકો અને ખાસ કરીને નલ સમક્ષ વિશેષ રીતે ઉપસે છે. તેથી જેમ નલને દમયંતિના અનન્ય સ્નેહની તાદ્રશ પ્રતીતિ થાય છે. તેમ દમયંતિને પણ મકરિકા દ્વારા નલના નિરતિશય પ્રેમની પ્રતિતિ થઇ હશે. આમ બંનેના પુનર્મિલનની સંગીન ભૂમિકા આ ગર્ભાંક દ્વારા રચાય છે. દર્ધિપર્ણ રાજાને પણ બાહુક એ નલ છે. તેવી દ્રઢ શંકા તો થઇ જ છે અને તે નાટકના નિર્વહરણમાં ઉપયોગી નીવડે છે. નાટકનો કર્તા નાટકમાં વૃત્તવૈચિત્ર્ય કરતાં રસનિરૂપણને ખાસ મહત્ત્વ આપે છે. રામચન્દ્ર, પોતેજ આ નાટકમાં કહે છે. रसप्राणो नाट्यविधिः न तथा वृतवैचित्री श्लाध्या नाट्ये यथा रसः । (અંક-૬૨૨) નલનો અતિશય પશ્ચાતાપ રજૂ કરીને દમયંતિના સ્નેહને તે પૂરેપૂરો લાયક છે, એમ દર્શાવીને તેના પાત્રનો ઉત્કર્ષ સાધે છે, અને નલદમયંતિના પુનર્મિલન માટે તખ્તો તૈયાર કરીને, વસ્તુને આગળ વધારે છે. ટૂંકાંટચ સરળ સંસ્કૃત વાક્યોમાં રચાયા હોવા છતાં સંવાદો એવા માર્મિક અને સચોટ છે કે તે પ્રેક્ષકોને જકડી રાખે છે. ઉત્તરરામચરિતના સાતમાં અંકમાં આવતા ગર્ભનાટકને સામે રાખીને લખાયેલો ગર્ભાંક રામચન્દ્રની નાટયપ્રતિભાનો ઉત્કષ્ટ નમૂનો છે.

નલવિલાસમાં નાટકના પ્રાણરૂપ વિવિધ રસો પરમ કોટીમાં રચવાનો દાવો રામચંદ્રે ગર્વપૂર્વક કર્યો છે, તે કંઇ ખોટો નથી, શ્રી રામનારાયણ પાઠક કહે છે કે તેમ, શાર્દૂલવિક્રીડિત વગેરે લાંબા વૃત્તોની રચનામાં અને અન્યત્ર પણ ભવભૂતિની અસર આ કવિ પર દેખાય છે, છતાં સરલતા, પ્રસાદ અને અને માધુર્ય તેના ખાસ ગુણો તો છે જ.[૪]

**<u>: पादटीप :</u>**

૧. અનુ પ્રકાશન ઓરીએન્ટલ સીરીઝ વડોદરાથી થયેલ છે.

૨. वक्त्रं चन्द्रो नयनयुगली पाठलाम्भोजयुग्मं
नासानालं दशनवसनं फुल्लबन्धूकपुष्पम् ।
कण्ठः कम्बुः कुचयुगमथो हेमकुम्भो नितम्बौ
मङ्गरोधश्चरणयुगलं वारिजद्वन्द्वमेतत् ।।

૩. રુપપરિવર્તનની આ યોજના પરવર્તી યુગમાં છાયા નાટકોમાં મળે છે.

૪. येनाकस्मात् कठिनमनसा भीषणायां कराल -
व्यालायां त्वं वनभुवि हतेनपतिथेयी कृतासि ।
निर्लज्जात्मा विकलकरुणो विश्वविश्वस्तधाती
पत्याभासः सरलहृदये देवि सोऽयं नलोऽस्मि ।।

## <u>સંદર્ભ ગ્રંથ</u>

૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ - લેખક - મો.દ.દેસાઇ મુંબઇ ૧૯૭૩

૨. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ખંડ-૧ સમ્પાદક - હિ.ર.કાપડિયા, વડોદરા

૩. નલવિલાસ નાટક એક ગ્રંથ પરિચય, જૈન સાહિત્ય સંશોધક, ખંડ-૩, અંક-૨, અમદાવાદ-૧૯૬૦. રા.વિ.પાઠક

४. नाटयदर्पण – प्रधान सम्पादक डॉ. नगेन्द्र, सम्पादक – डॉ. दशरथ ओझा, डॉ. सत्यदेव चौधरी, प्रकाशक – हिन्दी विभाग, दिल्ली विश्वविद्यालय, दिल्ली

૫. The Natyadarpan Ramchandra and Gunchandra A Critical Study - Dr. K. H. Trivedi. L.D. INSTITUTE OF